Accredited Grade "A" by NAAC

# SAURASHTRA UNIVERSITY

University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

Accredited Grade "A" by NAAC

પરિપત્ર:-

વિષય:- ઓબ્ઝર્વર તરીકે મોકલવા અધ્યાપકોનાં નામની ભલામણ પત્ર અંગે.

સંદર્ભ:- ૧) આ કાર્યાલયનાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૧/૨૮/૨૦૧૯, તા.૧૮/૦૧/૨૦૧૯

૨) આ કાર્યાલયનાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૧/૪૪/૨૦૧૯, તા. ૦૧/૦૨/૨૦૧૯ (સ્મૃતિપત્ર)

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, સંદર્ભ (૧) તથા (૨) પરનાં પરિપત્રથી આપશ્રીનાં ભવન/કોલેજોના શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની યાદી પરીક્ષા કેન્દ્રો પર ઓબ્ઝર્વર મોકલવાના હેતુ સબબ મંગાવવામાં આવેલ હતી. પરંતુ આપશ્રી તરફથી આજ દિન સુધીમાં શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની યાદી અત્રેની યુનિવર્સિટીને મળેલ નથી.

ઉપર્યુક્ત સ્થિતિમાં આપશ્રીને જણાવવામાં આવે છે કે, જોડાણની શરતોનાં ભાગરૂપે પરીક્ષા કાર્યવાહીમાં યુનિવર્સિટી દ્વારા જે કામગીરી સોપવામાં આવે કે લેવામાં આવે તે કામગીરી સંસ્થા/અધ્યાપકશ્રીએ બજાવવાની હોય છે. પરીક્ષા જેવી અતિસંવેદનશીલ બાબતમાં આપશ્રીએ માહિતી પૂરી પાડેલ નથી. જે યુનિવર્સિટી દ્વારા સખેદ નોંધ લેવામાં આવે છે. આથી આપને ફરીથી વિનંતીસહ જણાવવામાં આવે છે આપની સંસ્થાનાં શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની યાદી અત્રેની યુનિવર્સિટીનાં ઈ-મેઈલ આઈ.ડી. ce@sauuni.ernet.in પર તેમજ ઉલટ ટપાલે કુરિયર દ્વારા પરીક્ષા વિભાગને આજરોજ મોકલી આપવા તાકીદ કરવામાં આવે છે.

ઉપર્યુક્ત માહિતી આપશ્રી તરફથી પૂરી પાડવામાં નહિ આવે તો તેની નોંધ લેવામાં આવશે.

પરીક્ષા નિયામક

નં.પરીક્ષા/સી.ઈ./૨૫૮૩ /૨૦૧૯
પરીક્ષા વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.
તા.૧૫/૦૩/૨૦૧૯

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવન/કોલેજોના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ.....

નકલ સાદર રવાના:-

મા.કુલપતિશ્રી/મા.કુલનાયકશ્રી/મા.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી,